ગુજરાત વેપારી મહામંડળ

# GCCI PULSE

Azadi Ka Amrit Mahotsav

OCTOBER 2021

**Hemant N. Shah** President | **Pathik S. Patwari** Sr. Vice President | **Sanjeev Chhajer** Vice President | **Sachin Patel** Hon. Secretary | **Mahesh Puj** Hon. Secretary (R) | **Navroz Tarapore** Hon. Treasurer



## PATHIK PATWARI
## SR. VICE PRESIDENT

## MESSAGE FROM SR. VICE PRESIDENT

મિત્રો, એવું કહેવાય છે કે "Change is the only thing that remains constant" એટલે કે માત્ર પરિવર્તનમાં જ સાતત્ય રહેલું છે અને સાતત્ય જાળવવા સમય પર જીવનમાં જરૂરી પરિવર્તનો કરવા પડે છે. આજ રીતે આપણા વેપાર-ઉદ્યોગમાં પણ પરિવર્તન ખુબજ મહત્વની ભૂમિકા ભજવે છે અને લાંબા સમય સુધી વિકાસ જાળવવા મદદરૂપ બને છે.

દિવાળીનો પર્વ આપણા જીવનને સફળતા, ઉત્સાહ અને ઉત્કર્ષના માર્ગ પર પ્રેરિત કરનારો અનેરો પર્વ છે અને આ પર્વ સકારાત્મક પરિવર્તનનો પણ સૂચક છે. દીપાવલી પર્વનો આ સમય આપણા વેપાર-ઉદ્યોગમાં સમયની જરૂરિયાત ને ધ્યાનમાં રાખી સકારાત્મક પરિવર્તનો કરવાનો દ્રઢ સંકલ્પ લેવાનો સમય છે.

ગત અમુક વર્ષોમાં વેપાર-ઉદ્યોગને ઘણા અણધાર્યા પડકારો ઝીલવા પડ્યા છે. એક બાજુ જ્યાં વૈશ્વિક મંદીને કારણે સ્થાનિક વેપાર અને નિકાસને ખુબ માઠી અસર પડી હતી ત્યાં બીજી બાજુ COVID-19 ને કારણે પડેલ મુશ્કેલીઓ ઘણા લઘુ ઉદ્યોગો માટે મરણતુલ્ય આઘાતરૂપ સાબિત થઇ. આ ઉપરાંત બદલાયેલ પરિસ્થિતિને અનુરૂપ વેપાર-ઉદ્યોગ કરવા ની રીત પણ બદલાઈ.

દિવાળી પર્વના આ શુભ સમયે આપણે સૌએ મળીને આ બધાજ પડકારોને સકારાત્મક પરિવર્તન માટેની અનેરી તક તરીકે વિકસાવવાનું સંકલ્પ લેવાનું છે. દાખલા તરીકે હાલમાં નાના સ્થાનિક વેપારીઓને ઓનલાઇન વેપારનું પ્રમાણ વધવાને કારણે મોટો નુકશાન થયેલ છે, પરંતુ આમાં નાના વેપારીઓએ સંયુક્ત રીતે મળીને વેપાર કરવાની અને પોતે પણ ઓનલાઇન માધ્યમથી વેપાર કરવાનું માધ્યમ ઉભું કરવાની તક રહેલી છે. તે જ રીતે આ કોરોના મહામારી ના સમયગાળામાં શ્રમિકો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન હોવાની સમસ્યા સર્જાઈ હતી જેને તક તરીકે જોઈએ તો તે ઉદ્યોગોના ઉત્પાદન પ્રક્રિયામાં ફેરફાર કરી વધુ Automation લાવવા પ્રેરિત કરે છે. આપણે એક બાજુ રોજગાર ઉપર ધ્યાન તો આપવું જ છે પરંતુ શ્રમિકોની ઉપલબ્ધતા ન હોવાથી સામાન્ય ઉત્પાદન પ્રક્રિયા ચાલુ રહે તેના માટે Automation જરૂરી છે. Automation થકી આપણે શ્રમિકોને સામાન્ય ઉત્પાદન પ્રક્રિયામાંથી બહાર કાઢી તેમને ઉત્પાદનની ગુણવત્તા જાળવવા વિગેરે જેવા જટિલ કાર્યોમાં ઉપયોગ કરી શકાય.

તો આવો આપણે સહુ મળીને આપણા વેપાર-ઉદ્યોગમાં સાનુકૂળ પરિવર્તન લાવવાનું સંકલ્પ કરીએ અને આ તકો નો પુરેપુરો લાભ લઈએ.

આપ સહુને દિપાવલી અને નૂતન વર્ષની ખુબ ખુબ શુભેચ્છાઓ.
આપનો,

**પથિક પટવારી**

## EVENTS

### 06th OCTOBER

**MEETING WITH CONSULATE GENERAL OF ISRAEL – GUJARAT - ISRAEL WATER COOPERATION**

Organised by : Foreign Trade Committee

A delegation led by Consul General H.E. Mr. Kobbi Shoshani from Israel had an excellent interactive meeting with GCCI today and discussed various issues regarding Water technology and gave a detailed information on Water management, desalination, recycling of water.





### 07th OCTOBER

**ONE DAY TRAINING PROGRAM ON URBAN HORTICULTURE**

Organised by : Agriculture Task Force

Agriculture Committee of Gujarat Chamber of Commerce and Industry in association with Horticulture Department, Govt.ofGujarat has organized one day training program on "Urban Horticulture".








## GCCI'S NEW MEMBERS ORIENTATION PROGRAM - APRIL - AUGUST 2021

Organised by : Membership Committee

Member Integration Programme "સભ્યસેતુ" organized for New Members - to interact with office bearers and learn about the activities of different working Committees & Task Forces.

## PARTICIPATION IN EVENT FOR LAUNCH OF PM GATI SHAKTI - NATIONAL MASTER PLAN [NMP] BY HON'BLE PRIME MINISTER OF INDIA SHRI NARENDRABHAI MODI

Hon'ble Prime Minister Shri Narendra Modiji today launched Prime Minister - Gati Shakti - National Master Plan. The launch was attended by Hon'ble Chief Minister Shri Bhupendrabhai Patel and many other dignitaries wherein Shri Hemant N. Shah, President of Gujarat Chamber of Commerce & Industry along with other Office Bearers and concerned Committee Chairmen and also members of GCCI attended the launch function at Mahatma Mandir, Gandhinagar.





## AN INTERACTIVE MEETING WITH HE AMBASSADOR OF KAZAKHSTAN H.E. MR. NURLAN ZHALGASBAYEV

Organised by : Foreign Trade Task Force

A delegation led by Ambassador of Kazakhstan H.E. MR NurlanZhalGasbayev had an interactive meeting with GCCI and discussed various initiatives to boost Bilateral Trade. President Shri Hemant bhai mentioned the historical ties between the two countries of last many decades. To promote the bilateral relationship between Kazakhstan and Gujarat, a dedicated Trade Promotion Council will be opened shortly followed by organising B2B meetings between industries on both sides.





## TAKE OFF MEET

Organised by : Youth Committee

Shri NirmamJhaveri has been selected as a Chairman of Youth Committee of GCCI for the year 2021-22. Shri Aditya Sharma, Ms. Shumona Agarwal and Shri Hemal Prajapati will co-chair the committee.
The Ceremony was held in the august presence of Shri Prahladbhai Patel, Chairman, PSP Projects Ltd. and Shri Natubhai Patel, Managing Director, Meghmani Organics Ltd, Office Bearers of GCCI and RJ DhvanitThaker.





## 22nd OCTOBER

### TAKE OFF & NETWORKING MEET

Organised by : Business Women Committee

Smt. Kusum KaulVyass took over the charge of Chairperson of Business Women Committee. Ms. Sarangi Kanani and Mrs. Runal Patel became the Co-chairpersons for the year 2021-22. The programme was graced by Chief Guest Shri Vikas Gupta, IEDS, Jt. Director, Ministry of MSME, MSME Development Institute, Ahmedabad and Dr. Dharini Shukla, Director & Managing Trustee, Vedant Education Group as the Guest of Honour.








## 25th OCTOBER

### "CYBER SAFE MISSION",ON THE OCCASION OF INTERNATIONAL CYBER SECURITY AWARENESS MONTH

Organised by : Business Women Committee

To celebrate "International Cyber Security Awareness Month", Cyber Crime office of Ahmedabad had organized the Cyber Safe Mission at PDPU as the first step of the mission with the aim of raising awareness among the citizens and preventing cybercrime.

The ceremony was attended by Office Bearers and Business Women Committee members of GCCI.





## 26th OCTOBER

### MEETING WITH OFFICIALS OF THAI TRADE CENTER, MUMBAI

Organised by : Foreign Trade Task Force

A delegation led by Ms. SupatraSawaengsriConsul (Commercial) and Director, Thai Trade Centre, Mumbai had an excellent interactive meeting with GCCI and looking forward for collaboration in sectors i.e Gems &Jewellery, Chemicals, Pharma packaged food etc.





## 28th OCTOBER

### STEEFO TMT – PLANT VISIT

Organised by : Youth Wing Committee

The Youth Committee organized an Industrial Plant visit to Steefo Engineering Corporation and get insight of fully automated touch free TMT bars manufacturing plant.




# 30th OCTOBER

## INTERNATIONAL BUSINESS CONFERENCE

Organised by : Business Women Committee

International Business Conference on Opportunities and Challenges for Women Entrepreneurs in Current Scenario organized by Business Women Committee

The Esteemed Guest Speakers form various countries like INDIA, U.S.A, AUSTRALIA, SOUTH KOREA, BRAZIL, CANADA and BRITAIN participated online to grace the event





# GCCI IN THE NEWS

## Mudra loan NPAs balloon 54% in a year in Gujarat

Niyati.Parikh
@timesgroup.com

**Ahmedabad:** Plagued by disrupted cash flow cycles and a slow recovery post pandemic, micro entreprises, vendors, small traders and seasonal businesses were among the adversely hit over the past one year.

As small businesses failed to recover post pandemic, their loan repayment capacities weakened, pushing bad loan burden under Pradhan Mantri Mundra Yojana (PMMY) up. While fresh disbursal of loans under Pradhan Mantri Mudra Yojana (PMMY) increased merely by 10% from Rs 1,920.29 crore in the April to June quarter of 2020-21 to Rs 2,089.22 crore in the corresponding quarter this year, NPAs swelled



**NPAS UP**

*₹ crore; Source: SLBC - Gujarat

| Category | DISBURSALS* | | | NPA* | | |
|---|---|---|---|---|---|---|
| | 2020-21 | 2021-22 | % Change | 2020-21 | 2021-22 | % Change |
| Shishu | 540.52 | 967.27 | ▲79 | 59.25 | 153.30 | ▲159 |
| Tarun | 772.21 | 705.55 | ▼9 | 311.13 | 421.28 | ▲35 |
| Kishore | 607.56 | 416.40 | ▼31 | 185.16 | 281.94 | ▲52 |
| Total | 1,920.29 | 2,089.22 | ▲9 | 555.54 | 856.52 | ▲54 |

from Rs 555.54 crore to Rs 856.52 crore – up 54.17%, during the same period

According to experts, micro enterprises which typically avail Mudra Yojana were the worst affected due to the pandemic-induced lockdown.

MM Bansal, convener, SLBC – Gujarat said, "Post lockdown, small businesses were adversely hit as they do not have adequate capital or contingency funds. As demand failed to revive and income was impacted, loan repayment capacity weakened and due to this, more accounts were classified as NPA."

Echoing a similar view, Pathik Patwari, senior vice president, Gujarat Chamber of Commerce and Industry (GCCI) said, "Cashflow cycles of micro enterprises were adversely affected and many were out of the ambit of emergency credit line guarantee scheme due to the turnover limit. In some cases, adequate credit was also not available to these units as a consequence of which their bad loan burden increased."


Industry players said that several small units and traders had shut down their businesses post lockdown. Majority of the borrowers under PMMY include small traders and people from lower income groups.

Explaining their situation, Jayshree Vyas, managing director, SEWA Bank, said, "During the lockdown, many people lost their jobs or source of income due to a slowdown-like situation as a result of which family incomes were impacted. While businesses barely began resuming normalcy, the second wave hit, during which medical expenditures eroded savings and contingency funds. People lost earning members of their families and consequently, their loan repayment capacities weakened."

## At 9.2 Mbps, Guj 7th in download speed

### Techies Push For Improving Available Internet Speed

Niyati.Parikh@timesgroup.com




**Ahmedabad:** Even as the IT industry in Gujarat is expanding its services and workforce to cash in on the post-pandemic digital boom, consistent internet speed and connectivity seems to be a challenge. With 9.2 megabytes per second (Mbps), Gujarat circle ranks seventh among all Indian states when it comes to the minimum download speed for wireless data connectivity.

Gujarat lags behind Karnataka (with minimum download speed of 17 Mbps), Delhi (10 Mbps) and Mumbai (9.5 Mbps), where tech industry and startups have a strong presence. The state's minimum download is lower than even Kolkata, Rajasthan and Odisha circles.

Online education, work from home and increased streaming services have pushed up the requirement for bandwidth, which is set to grow further in days to come. If the internet speed remains low, it is expected to be a bottleneck in times to come, said industry stakeholders.

Industry players also explained that many users working from home use Virtual Private Networks (VPNs) which reduces the internet speed available.

"Professionals working from home widely operate on VPN due to which available internet speed reduces to one-tenth. With digital consumption growing on both professional and individual fronts, a multi-fold surge in minimum bandwidth requirement will emerge over the coming years. Improving speed and ensuring a consistent connectivity is therefore inevitable," said Ravi Pathak, CEO, Tatvic Analytics.

Jaimin Shah, co-chair, Assocham – Gujarat state council, said, "The IT industry in Gujarat is clearly on an expansion mode after the digital boom that it saw post pandemic. Part of the workforce in the IT sector and several other sectors continues to work from home, making the internet an inevitable requirement."

▶Continued on P 6



# ઈઝરાયેલના પ્રતિનિધિમંડળ સાથે ગુજરાત ચેમ્બરની બેઠક

અમદાવાદ તા. ૬

કોન્સલ જનરલ એચ.ઈ. કોબી શોશાની, ઈઝરાયેલના આગેવાનીમાં એક પ્રતિનિધિમંડળ આજે જીસીસીઆઈ સાથે એક ઉત્તમ ઈન્ટરેક્ટિવ બેઠક કરી હતી. પ્રમુખ હેમંત શાહે પ્રતિનિધિ મંડળનું સ્વાગત કર્યું અને જીસીસીઆઈની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી.

## ઈઝરાયેલ દ્વારા અપનાવાતી ટેકનોલોજી પર વિસ્તૃત ચર્ચા

તેમણે એમ પણ કહ્યું કે, અમે પ્રતિનિધિ મંડળના વિનિમય દ્વારા બીટુબી બેઠકોની લાઇન પર અને ઈઝરાયેલના અગ્રણી ચેમ્બર ઓફ કોમર્સ સાથે જોડાઈને ઘણા સહકારની આશા રાખીએ છીએ.

કોન્સલ જનરલ એચ.ઈ. કોબી શોશાનીએ કહ્યું કે તેઓ જીસીસીઆઈમાં આવીને અને પાણી સાથે વ્યાવસાયિક સમુદાય સાથે સંપર્ક કરીને ખૂબ જ ખુશ છે. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે, અમે જીસીસીઆઈ સાથે વિવિધ ક્ષેત્રો પર સંયુક્ત રીતે કામ કરી શકીએ છીએ. જ્યાં આપણે પરસ્પર શીખી શકીએ છીએ અને સહકાર પણ આપી શકીએ છીએ. તેમણે પ્રમુખને મુંબઈમાં આમંત્રિત કર્યા અને વ્યાપારી અધિકારીને મળવા અને તેમની સાથે ચર્ચા કરવા કે વેપાર અને રોકાણના વિકાસ માટે આપણે કઇ ચેમ્બરને સાંકળી શકીએ. તેમણે એમ પણ કહ્યું કે, જીસીસીઆઈ ગુજરાતમાં ઈઝરાયેલ માટે રાજદૂત રહેશે.

ડો. લિયોર આસાફ, વોટર અટેચે, જળ વ્યવસ્થાપન, ડિસેલિનેશન અને પાણીના રિસાયકલિંગ તેમજ ઈઝરાયેલ દ્વારા અપનાવવામાં આવેલી ટેકનોલોજી પર વિસ્તૃત રજૂઆત કરી હતી.

GCCI TO COLLECTOR

# 'Ease restrictions on heavy vehicles on SP Ring Road'

*Ahmedabad:* The Gujarat Chamber of Commerce and Industry (GCCI) has written a letter to the Ahmedabad district collector seeking to permit the entry of heavy vehicles carrying goods into industrial estates located on the periphery of the Sardar Patel Ring Road.

The industry body stated that due to restrictions on entry and exit of heavy vehicles to and from Ahmedabad city during the day, industries are facing interruptions in vehicles transporting raw material and finished goods from the industrial estates belonging to the (GIDC). **ENS**

# અમદાવાદ-સુરત વચ્ચે ટેક્સ્ટાઇલ પાર્ક સ્થપાવાની શક્યતા

## ગુજરાતને બે પાર્ક માટે ટેક્સ્ટાઇલ ઉદ્યોગની માગ

અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૮ ઓક્ટો.

ગુજરાત સહિત દેશભરમાં મેગા ટેક્સ્ટાઇલ પાર્ક સ્થાપવા માટે કેન્દ્રિય કેબિનેટે સ્કીમને મંજૂરી આપી દીધી છે. આગામી પાંચ વર્ષમાં સાત મેગા ટેક્સ્ટાઇલ પાર્ક ઊભા કરવા માટે રૂ. ૪૪૪૫ કરોડનું ખર્ચ કરવામાં આવનાર છે.



ગૌરાંગ ભગત અને સૌરીન પરીખ

નિષ્ણાતોના મતે ગુજરાતમાં આ ટેક્સ્ટાઇલ પાર્ક અમદાવાદ સુરતની વચ્ચે સ્થપાય તેવી શક્યતા છે. ટેક્સ્ટાઇલ પાર્કની સ્થાપના માટે ગુજરાત સહિત અન્ય રાજ્યોએ પણ રસ દર્શાવ્યો છે. તે રીતે જોતા રાજ્ય દીઠ એક એક ટેક્સ્ટાઇલ પાર્ક બનશે, પરંતુ ગુજરાતના ટેક્સ્ટાઇલ ઉદ્યોગ વર્તુળે રાજ્યમાં બે પાર્ક સ્થાપવાની માગ કરી હતી.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સની ટાસ્ક ફોર્સ કમિટીના ચેરમેન સૌરીન પરીખે જણાવ્યું હતું કે હજુ સુધી સરકાર દ્વારા કોઇ પ્રકારનું મિકેનિઝમ જાહેર કરવામાં આવ્યું નથી. અમે પહેલેથી જ કરેલી રજૂઆતમાં ગુજરાતમાં બે ટેક્સ્ટાઇલ પાર્કની સ્થાપના કરવી જોઇએ એવી વિનંતી કરી હતી.

એક અમદાવાદ અને સુરતની વચ્ચે અને બીજો અમદાવાદ રાજકોટની વચ્ચે હોવો જોઇએ. ટેક્સ્ટાઇલને લગતો કાચો માલ, પેકિંગ મટીરિયલ, પોર્ટ પર કઇ રીતે નિકાસ માટે મોકલવું તેમજ મહત્તમ રોજગારી મળી રહે તે રીતે વિચારીને ઉપરોક્ત રજૂઆત કરી હતી. આ રજૂઆતો અમે રાજ્ય અને કેન્દ્ર સરકાર એમ બન્નેને આપી હતી.

મસ્કતી કાપડ માર્કેટના પ્રમુખ ગૌરાંગ ભગતે જણાવ્યું હતું કે દેશમાં કપાસના ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૩૩ ટકા છે. તેમજ અમદાવાદમાં ૧૦૦૦થી ૧૨૦૦ જેટલા કારખાનાઓ છે.

આજે દુનિયામાં કોટનનું વર્ચસ્વ છે તે જોતા ગુજરાતને બે મેગા પાર્ક આપવા જોઇએ. જેમાં એક તો અમદાવાદની નજીક દા.ત. ધોલેરા પાસે કોટન માટે અને બીજુ સુરત ખાતે. તેનાથી પાર્ક બિન-પ્રદૂષિત બનશે તેમ જ પોર્ટ પણ નજીક બનશે. જેમાં મિત્ર યોજના અનુસાર ઇન્ટીગ્રેટેડ એપરલ્સનું ઉત્પાદન કરવું જોઇએ તેમજ બાંગ્લાદેશથી જે રીતે શૂન્ય ટ્રીટીમાં માલ આવે છે તે રીતે ભારતને પણ સવલત આપવી જોઇએ. મેગા પાર્ક માટે પણ એવી પોલિસી હોય તો વિશ્વમાં નિકાસ કરી શકાશે.

### જીએસટી મુદ્દે પીયૂષ ગોયલને રજૂઆત

અમદાવાદના મસ્કતી કાપડ માર્કેટ મહાજનના હોદ્દેદારો તેમ જ મુંબઇના કાપડ ઉદ્યોગના હોદ્દેદારો જીએસટી ૧૨ ટકાને બદલે પાંચ ટકા રાખવી જોઇએ તેવી રજૂઆત કરવા માટે ટેક્સ્ટાઇલ, વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલને શુક્રવારે મળ્યા હતા. તેમણે રજૂઆત કરી હતી કે રૂથી લઇને કોટન કાપડ અને ગારમેન્ટ ૯૦ ટકા લોકોને સ્પર્શે છે ત્યારે સરકારે તેની પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે અને ફક્ત ફાયબર અને ટેક્ચ્યુરાઇઝ માટે ૧૦ ટકા જીએસટી વધારવાની કોઇ જરૂર નથી.



# ગુજરાત ચેમ્બરની કઝાખસ્તાનના ડેલિગેશન સાથે મિટિંગ યોજાઇ

અમદાવાદ તા. ૧૪

કઝાખસ્તાનના રાજદૂત એચ.ઈ.મિ.નુરલનઝાલગાસબયેવએ ૧૪ ઓક્ટોબર, ૨૦૨૧ ના રોજ જીસીસીઆઈ સાથે એક ઉત્તમ ઇન્ટરએક્ટિવ બેઠક કરી અને પરસ્પર લાભ માટે વેપાર અને રોકાણ કેવી રીતે વધારી શકાય તેની ચર્ચા કરી. પ્રમુખ હેમંત ભાઈએ છેલ્લા ઘણા દાયકાઓથી બંને દેશો વચ્ચેના ઐતિહાસિક સંબંધોનો ઉલ્લેખ કર્યો. બંને દેશોના લોકો વચ્ચે પરસ્પર વિશ્વાસ સંબંધોને વધારવામાં મદદ કરશે. તેવી આશા વ્યક્ત કરી હેમંતભાઈએ જીસીસીઆઈના કાર્યો સમજાવ્યા જે માત્ર વેપાર અને ઉદ્યોગ જ નહીં પરંતુ મોટા પ્રમાણમાં સમાજને મદદ કરે છે.

## પરસ્પર લાભ માટે વેપાર અને રોકાણ કેવી રીતે વધારી શકાય તેની ચર્ચા કરી

એચ.ઈ.મિ. નુરલનઝાલગાસબયેવએ જણાવ્યું હતું કે, તેઓ ગુજરાત રાજ્ય સાથે સહયોગની રાહ જોઈ રહ્યા છે. અને પ્રાદેશિક કોન્સ્યુલર દિલીપ ચંદન જે વેપાર અને રોકાણ વધારવા અને સુધારવા માટે જીસીસીઆઈ અને કઝાખસ્તાન પ્રાદેશિક પરિષદનું એક મંચ બનાવવામાં મદદ કરી શકે છે. તેમ જણાવ્યું. કઝાખસ્તાનના આર્થિક વિકાસ અને ગુજરાતના કલ્યાણ માટે તેમના રસનું મુખ્ય ક્ષેત્ર ઉર્જા, પરિવહન, આઈટી, ફાર્મા, પ્રોસેસિંગ વગેરે છે. ઓફિસરે તેમના દેશમાં રોકાણની તકોનું પ્રેઝન્ટેશન આપ્યું હતું. વિવિધ સમિતિઓ- ટાસ્ક ફોર્સના ચેરમેન અને નિકાસકારોએ બેઠકમાં હાજરી આપી અને વિચારોની આપ-લે કરી. ફાર્મા ટાસ્ક ફોર્સના ડૉ.વિરંચીએ નિયમનકારી પ્રક્રિયાનો મુદ્દો ઉઠાવ્યો. તબીબી પ્રવાસન પણ અન્વેષણ કરવા લાયક ક્ષેત્ર છે. અંતમાં ડૉ.વિરંચીએ આભાર વ્યક્ત કર્યો.

# નિર્મમ ઝવેરી જીસીસીઆઇની યુથ કમિટીના નવા અધ્યક્ષ ચૂંટાયા



અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૧૫ ઓક્ટો.

જીસીસીઆઈની યુથ કમિટીના યોજાયેલા એક ટેક ઓફ કાર્યક્રમ યોજાયેલ હતો. નિર્મમ ઝવેરીની, જીસીસીઆઈની વર્ષ ૨૦૨૧-૨૨ની યુથ કમિટીનાચેરમેન તરીકે વરણી કરવામાં આવેલ છે.

આ પ્રસંગે પીએસપી પ્રોજેક્ટ્સ લિમિટેડના ચેરમેન પ્રહલાદભાઈ પટેલ અને મેઘમણી ઓર્ગેનિક્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર નટુભાઈ પટેલ, જીસીસીઆઇના ઓફિસ બેરર્સ અને આરજે ધ્વનીત ઠાકરની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

નટુભાઈ પટેલ અને પ્રહલાદભાઈ પટેલે યુવાનોને પેનલ ચર્ચા દરમિયાન કાર્યક્રમમાં ઉપસ્થિત યુવા ઉદ્યોગકારોને સંબોધ્યા હતા અને તેમના જીવનકાળના અનુભવો વિશે વાત કરી હતી, જેનું સંચાલન આર.જે. ધ્વનીત ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું.

# કાપડ ઉદ્યોગે જીએસટી કમિશનરને રજૂઆત કરી



અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૧૫ ઓક્ટો.

મસ્કતી કાપડ માર્કેટ મહાજનના પ્રમુખ ગૌરાંગ ભગત સહિત, અરવિંદ ગ્રુપના કુલીન લાલભાઇ તેમજ મહાજનના અન્ય હોદ્દેદારોએ મળીને રાજ્યની જીએસટી કમિશનર જે.પી. ગુપ્તાને મળીને કાપડ પરના જીએસટી દરને ૧૨ ટકાથી ઘટાડવાની રજૂઆત કરી હતી.

ઉલ્લેખનીય છે કે કાપડ પર જીએસટીનો દર ૧૨ ટકા સુધી વધારવાની જીએસટી કાઉન્સિલે દરખાસ્ત કરી છે. આ સંજોગોમાં કાપડ ઉદ્યોગના અગ્રણી દ્વારા પાછલા સપ્તાહે પણ કેન્દ્રિય કાપડ પ્રધાન પિયુષ ગોયલ સમક્ષ કાપડ ઉદ્યોગને સામનો કરવી પડતી મુશ્કેલી અને જીએસટીન દર વધારવામાં આવે તો શું પરિસ્થિતિ સર્જાય તેની વિગતવાર ચર્ચા કરી હતી અને જીએસટી પાછી ખેંચવાનો અનુરોધ કર્યો હતો.

# Thank You

GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

GCCI

ગુજરાત વેપારી મહામંડળ

+91-79-2658 2301/2/3/4

gcci@gujaratchamber.org

www.gujaratchamber.org

GCCIAhmedabad

Shri Ambica Mills, Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad 380009, Gujarat, India